ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૦/૧૯-૨૦/ 5105 તારીખ : 18 DEC 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટી,**
વતી શ્રી અરવિંદભાઈ એન. ભટ્ટી,
ગમારા ચેમ્બર, દુકાન નં.૧,
ટી.બી. હોસ્પીટલ પાછળ, મહાકાળી ફલોર મીલ,
સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨.
**મો.નં. ૯૮૯૮૨ ૭૬૧૩૫**

કેસ નં.૭૦/૧૯-૨૦

**વિષય : બાકી આવતા રૂા.૩૮૧૫/- જમા આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૨૭/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૧૯-૨૦/૩૮૬૯ તા.૦૧/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૧૯-૨૦/૪૩૬૭ તા.૧૪/૧૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૧૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, શહેર-૧ **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૦/૧૯–૨૦</u> ☜

વાદી :– શ્રી જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટી વતી શ્રી અરવિંદભાઈ એન. ભટ્ટી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૯.૧૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી અરવિંદભાઈ એન. ભટ્ટી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર:
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટી વતી શ્રી અરવિંદભાઈ એન. ભટ્ટી, મુ.સુરેન્દ્રનગરની બાકી આવતા રૂા.૩૮૧૫/– જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૦/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૦/૧૯–૨૦/૩૮૬૯ તા.૦૧.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૧૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી અરવિંદભાઈ એન. ભટ્ટી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારા બીલમાં રૂા.૩૮૧૫/– લેણા આવે છે. અહીની ઓફીસવાળા અમોને કહે છે કે ઓડીટના બાકી છે પરંતુ આ નાણા અંગે અમોને સમજણ પડતી નથી. આ અંગે ચેક કરી યોગ્ય કરી અમોને જાણ કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટી એ શહેર–૧ પેટા વિભાગીય કચેરીનાં ગ્રાહક છે. જેઓ ગ્રાહક નં.૨૫૧૦૧/૦૦૭૯૬/૦ નું થ્રી ફેઈઝ કોમર્શીયલ કનેકશન તેમજ ગ્રાહક નં.૨૫૧૦૧/૧૧૧૫૬/૨ થી સીંગલ ફેઈઝ કોમર્શીયલ કનેકશન તા.૨૧/૦૧/૧૪ થી ધરાવ છે, આ બન્ને કનેકશન એક જ પ્રિમાઈસીસમાં આવેલ હતાં.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

૨.૨ સદર ગ્રાહકનું વીજજોડાણ નં.૨૫૧૦૧/૦૦૭૯૬/૦ સપ્ટેમ્બર–૧૧ ની પહેલાની સ્થીતીએ એલ.ટી.પી.–૩ પ્રકારનું હતું જે વખતે ગ્રાહકનો લોડ ૧૫.૦૦ હો.પા. અને કોન્ટ્રાકટ ડીમાન્ડ ૧૨.૦ કીલો વોટ હતો તેમજ વીજજોડાણ નં.૨૫૧૦૧/૧૧૧૫૬/૨ સપ્ટેમ્બર–૧૧ ની પહેલાની સ્થીતીએ એલ.ટી.પી.–૧ પ્રકારનું ૦.૫ કીલોવોટ હતી.

૨.૩ પીજીવીસીએલનો નવો ટેરીફ ઓર્ડર તા.૧૬.૦૯.૧૧ થી અમલમાં આવેલ જેના પેરા નં.૫.૪ મુજબ નીચે મુજબ ત્રણમાંથી જે વધુ હોય તે મુજબનું બીલીગ કરવાની કાર્યવાહી થતી હતી.

→ Eighty-Five percentage of the contract demand.

→ Actual maximum demand registered during the month

→ 15 kw

૨.૪ ઉપરાંત સદર તા.૧૬.૦૯.૧૧ નો નવો એલ.ટી.એમ.ડી. ટેરીફ આવતાં ગ્રાહકનું લાઈટીગ કનેકશનનો લોડ તેના ઔદ્યોગીક જોડાણનાં લોડ સાથે મર્જ કરવાનું થતું હતું. જે મુજબ આ ગ્રાહકનું લાઈટીગ વીજ કનેકશન ગ્રાહક નં.૨૫૧૦૧/૧૧૧૫૬/૨ નું ૦.૫૦૦ કીલોવોટનું વીજજોડાણનો લોડ મર્જ કરવામાં આવેલ નથી.

૨.૫ સદર નવા ટેરીફ અંગે પીજીવીસીએલ દવારા તા.૧૬.૦૯.૨૦૧૧ ના પત્ર નં.૬૬૬૬ ની દરેક અખબારોમાં આ બાબત બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ, જે અંતર્ગત ગ્રાહક જો તેના હયાત વીજજોડાણમાં ઉપરોકત બાબતને ધ્યાને લઈ જે ડીમાન્ડ તેના પ્રસ્થાપીત લોડમાં ડીમાન્ડમાં વધારો કે ઘટાડો કરવાનો થતો હોય તો તે અંગે ધારા ધોરણ પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવાની થતી હતી.

૨.૬ સદર કિસ્સામાં ગ્રાહકનો જોડાણ સપ્ટેમ્બર–૧૧ ની પહેલાની સ્થીતીએ લોડ ૧૫.૦૦ હો.પા.ને કીલોવોટમાં તબદીલ કરતાં કોન્ટ્રાકટ ડીમાન્ડ ૧૨.૦ કીલો વોટ થયેલ.

૨.૭ પરંતુ ઉપરોકત કિસ્સામાં નવા ટેરીફ ઓર્ડર એટલે કે સપ્ટેમ્બર–૧૧ નાં પ્રોવીઝન મુજબ ૧૨.૫ (૧૨ + ૦.૫ = ૧૨.૫) કીલોવોટ પ્રમાણે બીલીગ થવું જોઈએ જે થયેલ નથી. જે બાબત ઓડીટ દરમ્યાન ધ્યાને આવતા થવાપાત્ર બીલીગ માં તફાવતની રકમ રૂા.૩૮૧૫.૯૦ ની રીકવરી કાઢવામાં આવેલ, જે વસુલવા પાત્ર બને છે.

૨.૮ જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટીને એલ.ટી.પી.–૩ નાં લોડના તફાવતનું બીલ સપ્ટે–૧૧ થી નવેમ્બર–૧૭ સુધીનું આપવામાં આવેલ છે, જે ગ્રાહકના લેઝરમાં તા.૨૭.૦૮.૧૮ ના રોજ ડેબીટ કરવામાં આવેલ છે, એ સદર વીજબીલ ગ્રાહકે ભરપાઈ કરવું જરૂરી છે.

૨.૯ ઉપરાંત 89th report of low common of India on the limitation act-1963 અંતર્ગત chapter-17 section-17 fraud & mistake page no-48 નાં para 17.2 “for relief on the ground of mistake” and provided that the starting point shall be “when the mistake becomes known as plaintiff સદર કિસ્સામાં હાલની સ્થીતીએ ધ્યાને આવેલ રકમ સપ્ટેમ્બર–૧૧ થી આજદીન સુધીના સમયગાળા માટે વસુલાતને પાત્ર થાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :–** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરવિંદભાઈ એન. ભટ્ટી સુરેન્દ્રનગરમાં જાગૃતિબેન અરવિંદભાઈ ભટ્ટી ના નામનું થ્રી ફેઈઝ વીજજોડાણ NRGP ટેરીફ હેઠળ ૧૨ KW નું ગ્રાહક નં.૨૫૧૦૧/૦૦૭૯૬/૦ થી તેમજ ૦.૫ KW નું સીંગલ ફેઈઝ વીજજોડાણ NRGP ટેરીફ હેઠળ ગ્રાહક નં.૨૫૧૦૧/૧૧૧૫૬/૨ થી ધરાવતાં હતાં.

૩.૨ સપ્ટે.–'૧૧ માં જી.ઈ.આર.સી. નાં LTMD ટેરીફ હેઠળ એક જ પ્રિમાઈસીસમાં બે વીજજોડાણને મર્જ કરવાનાં થતા હોય, પ્રતિવાદીએ તા.૨૬.૧૧.૧૮ ના રોજ વાદીનું સીંગલ ફેઈઝ મીટરનું જોડાણ કાયમી ધોરણે રદ કરી અને મીટર રીમુવ કરી સીંગલ ફેઈઝ ૦.૫ KW લોડ વાદીનાં બીજા વીજજોડાણ ૧૨ KW નાં થ્રી ફેઈઝ વીજજોડાણમાં મર્જ કરી, બીલીંગ તા.૨૬.૧૧.૧૮ થી કરવાનું થતું હતું.

૩.૩ પ્રતિવાદી પીજીવીસીએલનાં ઓડીટ ડીપાર્ટમેન્ટ એ સપ્ટે–'૧૧ નાં જી.ઈ.આર.સી. નાં LTMD ટેરીફ તેમજ NRGP ટેરીફ મુજબ વાદીનાં વીજજોડાણમાં સપ્ટે.–'૧૧ થી માર્ચ–'૧૭ સુધીનું ૧૨.૫ KW નો લોડ ગણી અને વાદીનાં થ્રી ફેઈઝ વીજજોડાણમાં રૂ.૩૮૧૫.૯૦ ની રકમ ઉધારેલ અને વાદીને ભરવા માટે જણાવેલ.

૩.૪ ઉપરોકત તારણ નં.૩.૨ મુજબ ખરેખર વાદીનાં બન્ને વીજજોડાણનો લોડ તા.૨૬.૧૧.૧૮ ના રોજ મર્જ કરેલ છે તેમજ લેઝર કોપી મુજબ વાદીનાં બન્ને વીજજોડાણનું બીલીંગ ૨૬–૧૧–૧૮ સુધી નિયમીત રીતે થતું હતું. આથી વાદીનાં ખાતામાં ઉધારેલ રકમ રૂ.૩૮૧૫.૯૦ જે સપ્ટે.–'૧૧ થી નવે.–'૧૭ સુધીના ઉધારેલ છે તે યોગ્ય અને ન્યાયી નથી.

૩.૫ ઉપરોકત તારણ નં.૩.૪ મુજબ વાદીનાં ખાતામાં ઉધારેલ રકમ રૂ.૩૮૧૫.૯૦ પૈસા પ્રતિવાદીએ વાદીનાં ખાતામાં જમા આપવા, પ્રતિવાદી રૂ.૩૮૧૫.૯૦ વસુલ કરવા માટે હકકદાર નથી.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | ગેરહાજર<br>(પી. એન. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,**<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૧૯.૧૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar